# પ્રકરણ– ૧

# ભારતીય સમાજમાં નારી સામાજિક અભિગમ

ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન વિભિન્ન યુગમાં બદલાતું રહ્યું છે. ઋગ્વેદમાં ગૌરવવંતુ સ્થાન ભોગવતી સ્ત્રી અનુવેદિક યુગમાં ગૌણ સ્થાન પામતી ગઈ મધ્યકાલીન યુગમાં ધીમે–ધીમે એ અંધકારયુગમાં ધકેલાઈ ગઈ. અંગ્રેજ અને સમાજ સુધારકોમાં જાગેલી નારી મુક્તિની ભાવનાએ કેટલાક કાનૂનો તથા સામાજિક સંગઠનો દ્વારા સ્ત્રીના સ્થાન સુધારણા માટેના પ્રયત્ન કર્યા. સ્વતંત્ર ભારતમાં ભારતનું રાજયબંધારણ સામાજિક કાનૂનીકરણ આર્થિક નીતિ, સામાજિક કલ્યાણ, ઔદ્યોગિકકરણ, શહેરીકરણ, સ્થળાંતર, શિક્ષણ, સ્ત્રીઓ પ્રત્યે બદલાતાં મૂલ્યોએ સ્ત્રીમાં પરિવર્તન આણ્યું.

સમાજ શાસ્ત્રીય દષ્ટિએ સમસ્યા એટલે એક એવી પરિસ્થિતિ કે જે સમાજની નોંધપાત્ર સંખ્યાને અનિચ્છનીય અસર કરતી હોય તેને સુધારવા પ્રયત્ન થયા હોય અને સામુહિક પ્રયત્નો દ્વારા તેનું નિવારણ શકય બન્યું હોય.

ભારતીય સમાજમાં વિવિધ સામાજિક સમસ્યાઓ સ્ત્રીજીવનના વિવિધ પાસાને સ્પર્શે છે.

ઈતિહાસ દર્શાવે છે કે સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં અનેક નારીઓએ યોગદાન આપેલ છે. ભારતીય સંસ્કૃતિમાં નારી દેવીઓનાં રૂપમાં પૂજનીય અને વંદનીય છે. પ્રેમ, કરુણા, ધર્મનિષ્ઠા, સહનશીલતા વગેરે અનેક ગુણો નારીમાં હોવાથી સમાજ અને કુટુંબમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પરંતુ વર્તમાન સમયની વિષમ પરિસ્થિતિમાં નારી પોતાના એ ગૌરવવંતા સ્થાનથી પતનના માર્ગે પહોંચી ગયેલ છે. પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં તેનું માન–સન્માન હણાઈ ગયેલું છે. શોષણ, અપમાન, અત્યાચાર અને કામવાસનાની તે

શિકાર બની ગયેલ છે. નારીના આવા અધઃપતનને કારણે જ આખા સમાજમાં નૈતિક મૂલ્યો જાણે લુપ્ત થતા ગયા છે. તેથી સમાજ વ્યવસ્થા અને કુટુંબ વ્યવસ્થા પણ છિન્ન–ભિન્ન જોવા મળે છે.

ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન સ્ત્રીનાં દરજ્જા અને ભૂમિકાનો નિર્દેશ કરે છે. સમાજમાં વિભિન્ન ક્ષેત્રો જેવા કે કુટુંબ, લગ્ન, શિક્ષણ, મિલકત, ધર્મ વગેરેમાં સ્ત્રીનાં હક્ક અને ફરજ તેનું સ્થાન નિર્દેશ કરે છે.

આપણે જાણીએ છીએ કે સાહિત્ય સમાજનું સીધુ પ્રતિબિંબ ઝીલે છે. એટલે કોઈપણ સ્થળકાળની સાહિત્ય કૃતિમાં નારીની છબી જે–તે સ્થળકાળનાં સામાજિક માળખાં પર નિર્ભર રહેવાની ધર્મ, સંસ્કૃતિ અને સમાજ આ ત્રણેય પરિબળોએ નારીની સામાજિક છબી નિર્ધારિત કરવામાં મહત્તમ ફાળો આપ્યો છે. એ સર્વસ્વીકૃત હકીકત છે. હંમેશા પુરુષોના સંદર્ભે જ ઓળખાતી આવેલી સ્ત્રીની સામાજિક પરિસ્થિતિમાં નારીવાદી આંદોલનોએ આમૂલ પરિવર્તન આણ્યું છે. સ્ત્રીનું અસ્તિત્વ પુરુષ જેટલું જ પ્રાચીન છે. સ્ત્રીને પણ પુરુષની જેમ જ યુદ્ધ, સ્થળાંતર, દુષ્કાળ, પૂર, હતાશા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. વધારામાં બાળકને જન્મ આપવાની પીડા પણ તે સહેતી આવી છે. પુરુષની સરખામણીએ કેટલી ઓછી સ્ત્રી ઈતિહાસનાં પાનાં પર બુદ્ધિનાં જોરે આગળ આવેલી દેખાશે ? આટલા બધા પુરુષ સર્જકોની સામે આટલી ઓછી સ્ત્રીઓ કેમ લખી શકે ? પુરુષ રાજા હોય, સર્જક હોય, ચિત્રકાર કે વિવેચક હોય.... સ્ત્રી માતા, પત્ની, દીકરી, મિત્ર કે રખાત હોય.... સ્ત્રી પોતાના પગ પર ઊભી રહી શકે એવો એક માત્ર રસ્તો નજીકના ભૂતકાળ સુધી દેહવિક્રયનો હતો. અઢારમી સદી સુધી સ્ત્રી માટે સર્જક, ચિત્રકાર, સંગીતકાર.... કશું થવું શક્ય નહોતું. કલ્પના આધારિત સર્જક વૈચારિક સ્વાતંત્ર્ય માગે છે અને સ્ત્રીઓ તો સદીઓથી ગુલામ કરતાં પણ બદતર દશામાં જીવતી આવેલી.

છેલ્લા બે હજાર વર્ષોથી સ્ત્રીનાં સ્વતંત્ર અસ્તિત્વનો કોઈએ સ્વીકાર કર્યો જ નથી. પુત્રને જન્મ આપી, પતિ સેવા, કુટુંબ સેવા કરવામાં જ એનો ધર્મ સમાઈ જાય છે. એ વ્યક્તિ નહિ પણ વસ્તુ છે. એવું ધર્મગ્રંથોએ પણ પ્રબોધેલ છે એને શેતાન, પાપનું મૂળ અને અશુભ, માનવામાં આવી. સ્ત્રી ચર્ચમાં ઉપદેશ ન આપી શકે, મસ્જિદમાં પ્રવેશી ન શકે. શિક્ષણ મેળવે તો સ્ત્રી બગડી જાય... ધર્મ સંસ્કૃતિ અને સમાજે પ્રબોધેલા આ અફર વિધાનોનો એટલો તો પ્રબળ પ્રભાવ પડ્યો કે સ્ત્રી પોતે પણ પોતાને ઉતરતી માનતી થઈ ગઈ. બધા વ્રત પતિ કે પુત્ર માટે જ કેમ ? સ્ત્રી ધર્મ સામે પુરુષ ધર્મ કેમ નહીં ? સતી શબ્દનું પુલ્લિંગ છે ખરું ? આવા પ્રશ્નો કરતી બંધ થઈ ગઈ. પતિ પરાયણ સ્ત્રીના વખાણ થાય પણ પત્ની પરાયણ પુરુષની નિંદા.... વળી આવી નિંદા કરવામાં સ્ત્રી મોખરે હોય એ હદે એ પોતાને પુરુષથી ઉતરતી માનતી થઈ ગઈ. સદીઓથી સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ગુલામીએ સ્ત્રીની માનસિક હાલત જ એવી ઘડી કે એ પોતાને પુરુષથી હીણી માનતી થઈ ગઈ.

માનવસમાજમાં કેટલાંક લોકોને લઘુમતીને કારણે સહન કરવું પડ્યું છે. પરંતુ સ્ત્રીઓ લઘુમતીને કારણે હાંસિયામાં ધકેલાઈ ગઈ નથી. માનવવિશ્વમાં પુરુષો છે એટલી સ્ત્રીઓ પણ છે. વળી, માનવ સંસ્કૃતિ, સમાજ, પરમ્પરા અને માનવ વંશને આજ પર્યન્ત ટકાવી રાખવામાં જેટલો ફાળો પુરુષોનો છે. એથી વિશેષ ફાળો સ્ત્રીઓનો રહ્યો છે તો પછી પુરુષના હૃદય પર શાસન કરનાર સ્ત્રી ઘર પરિવાર અને સમાજ પર પુરુષોનું વર્ચસ્વ આધિપત્ય કેમ ? સામાજિક બંધનો અને નિયમો સ્ત્રીને જ કેમ લાગુ પડાય છે ? સ્ત્રીએ નર અને નિયતિને આધિન રહીને જ કેમ જીવન પસાર કરવું પડે છે ? મકાન સ્ત્રીના કારણે જ 'ઘર' બને છે, કહેવાય છે; તો પણ સ્ત્રી પુરુષમાં કોઈપણનો વાંક હોય ઘર છોડવાનો વારો સ્ત્રીઓનો જ કેમ આવે છે ? સ્ત્રીની સ્વતંત્રતાને કેમ હણી નાખવામાં આવી છે ? સ્ત્રીને એક વસ્તુ સમજીને કેમ વ્યવહાર કરવામાં આવે છે. સ્ત્રીને જ સામાજિક રૂઢિ–રિવાજોનો કેમ ભોગ બનવું પડે છે ? આવા અગણિત પ્રશ્નો વિશે સમાજ ઘર–પરિવારમાં સ્ત્રીઓને માન

અને સ્થાન વિશે અનેક પ્રકારે સ્ત્રીઓના થતાં શોષણ વિશે સ્ત્રી પર થતાં અત્યાચારો વિશે સ્ત્રી પ્રત્યેની સમાજ અને પુરુષની દષ્ટિ અને માનસિકતા વિશે સ્ત્રી સન્દર્ભે સમાજના બેવડા ધોરણો વિશે વિશ્વના કેટલાક સંવેદનશીલ અને માનવતાવાદી સમાજ સુધારકો અને વિચારકો સ્વસ્થતાથી વિચારતા થયા છે. આ વિચારણા જ નારીવાદનું બીજ સ્વરૂપ છે. આ બીજ ધીમે–ધીમે અંકુરિત થયું અનેક શાખા–પ્રશાખા રૂપે વિકસતું વૃક્ષ બન્યું છે. વૃક્ષ બનેલા આ બીજને અંકુરિત કરવામાં જેટલો ફાળો સ્ત્રીઓનો છે એટલો જ પુરુષોનો પણ રહ્યો છે.

ભારતમાં કે પશ્ચિમના દેશોમાં, નારીવાદી ચળવળ પુરુષો એ જ શરૂ કરી છે. નારીના સમાજમાં સ્થાન અને માન તથા નારી પ્રત્યેની દષ્ટિ, માનસિકતા સન્દર્ભે ભારતીય સમાજ સાથે અન્ય કહેવાતા સભ્ય દેશના સમાજ પણ બહુ જુદા પડ્યા હોય તેમ લાગતા નથી. ઈંગ્લેન્ડમાં સ્ત્રીને મારવાનો અધિકાર દરેક પતિ/પુરુષને હતો. એટલું જ નહીં દરેક વર્ગના પુરુષ નિઃસંકોચ પોતાના અધિકાર ભોગવતા હતા. બાળલગ્નો પણ થતાં અને નારીને લગ્નમાં પસંદગીનો કોઈ અવકાશ નહોતો. એટલું જ નહિ પરંતુ દરેક વર્ગમાં પુરુષો સ્ત્રીને પોતાની જાગીર–સંપત્તિ ગણતા.

પુરુષપ્રધાન સમાજમાં 'નારી'નું અસ્તિત્વ જેવો કોઈ વિચાર જ જ્યારે વિદ્યમાન ન હતો. અજ્ઞાન, અન્યાય, અપમાન, અત્યાચાર અને અસમાનત્વમાં રુંધાતી, કચડાતી, પીડાતી સ્ત્રીનો અવાજ તેના કંઠમાં જ રુંધાયા કરતો હતો. ગ્રીક સ્ત્રી બોલી જ ન શકે બોલે તો તેની જીભ કાંપી નખાય એટલી હદે યુરોપ, અમેરિકાથી માંડી વિશ્વના દરેક દેશમાં નારી માત્રનો અવાજ રુંધવામાં આવતો હતો. સ્ત્રી તરીકે જન્મ લેનાર વ્યક્તિત્વએ તેનું સર્વસ્વનર અને નિયતિને આધિન કરવું પડતું હતું. આ સંજોગોમાં વર્ષો પર્યંત કંઈ કેટલીય જાણીતીને અજાણી સ્ત્રીઓએ પોતાની આગવી કેડી કંડારવા સતત મથામણ કરી છે. નારી મનની આ સંઘર્ષ યાત્રામાં વર્જિનિયા વુલ્ફનું કાર્ય સીમાચિન્હ રૂપ છે. "વાત સાચી છે કે હું એક સ્ત્રી છું. એક વ્યવસાયિક સ્ત્રી છું."[૧]

આજથી એકસો બોતેર વર્ષ પૂર્વે આ પ્રકારના શબ્દો ઉચારવા એટલે રણમાં બૂંગિયો ફૂંકવો, વર્જિનિયા વુલ્ફે ૧૯૩૦માં વિમેન્સ સર્વિસ લિગ ખાતે 'પ્રોફેસન્સ ફોરે વિમેન' વિશે આપેલા વકતવ્યમાં આ શબ્દો કહેલા છે. આ કરતા પણ વધારે આત્યંતિક બનીને તે કહે છે. ''પુરુષ વાઈન પીએ તો સ્ત્રી એ કેમ પાણી જ પીવાનું ? કેમ પુરુષજાતિ આટલી વૈભવશાળી જ્યારે સ્ત્રીજાતિ તદન નિર્ધન?''[૨] ૧૯૨૯નાં બ્રિટનમાં આવા વિવાદાસ્પદ ક્રાંતિકારી વિચારની આદ્યસ્થાપના એકમાત્ર વર્જિનિયા વુલ્ફ જ કરી શકે. વુલ્ફનું અંગત જીવન અને સાહિત્યિક રચનાઓ બન્ને હંમેશા વિવાદાસ્પદ રહ્યાં છે. ધ ડૉલ્ફિન રીડર જણાવે છે કે વિકટોરિયન યુગની ચરમસીમાએ જન્મેલ વુલ્ફે અત્યાર સુધીમાં એટલી વિશાળ પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા મેળવી છે કે એમણે જે કઠણાઈઓથી આ યાત્રાની શરૂઆત કરી હતી. એને આપણે ભાગ્યે જ કલ્પી શકીએ કે સિંગ્ટનના પ્રતિષ્ઠિત વિસ્તારને ત્યજીને એ વખતે હલકા અને અપ્રતિષ્ઠિત ગણાતા બ્લુમ્સબેરીમાં વસવાટ કરવાની ચારિત્ર્ય શક્તિ વુલ્ફમાં હતી.

વુલ્ફની વિવેચનાત્મક કૃતિ 'અ રૂમ ઑફ વન્સ ઑન' એ શીર્ષક અનુસાર એના એકાંત અને આર્થિક સ્વાતંત્ર્ય માટેની અભ્યર્થના માત્ર નથી. એ સ્ત્રીઓ અને સાહિત્યને આવરી લેતા સમગ્ર પ્રશ્નનું સંશોધન છે જે બાહ્ય અને માનસ શાસ્ત્રીય વિદ્વાનોનો સ્ત્રીઓથી સામનો કર્યો છે. એનું એ સામાજિક અને નૈતિક પૃથક્કરણ છે. વુલ્ફ 'અ રૂમ ઑફ વન્સ ઑન'ના અંતિમ ભાગમાં લખે છે કે ગમે તે ભોગે હું આશા રાખું છું કે સ્ત્રીઓ સ્વતંત્ર રીતે યાત્રા કરી શકે એટલા પ્રમાણમાં મૂડી ધરાવતી હોવી જોઈએ.

આમ જોઈએ તો સદીઓથી સ્ત્રીની સરખામણી અન્ય કચડાયેલા વર્ગ સાથે જ થતી આવી છે. હકીકતે સ્ત્રી કાળા લોકોની જેમ લઘુમતીમાં પણ નથી અને મજૂર વર્ગની જેમ ઈતિહાસની પેદાશ પણ નથી છતાં તેની વાત શોષિત વર્ગ સાથે જ કરવામાં આવી છે.

પાશ્ચાત્ય નારીવાદી અભિગમના મૂળ ૧૯મી સદીના ઈંગ્લેન્ડમાં થયેલાં સ્ત્રી હક્કના આંદોલનમાં છે, તેમ મનાય છે અને આ આંદોલનનો પ્રારંભ જે. એસ.મિલન જેવા પુરુષોએ

કર્યો હતો. જહોન સ્ટુઅર્ટ મિલે સ્ત્રી–પુરુષ સમાનતાની હિમાયત કરતા કહ્યું, “સ્ત્રીઓમાં દેખાતી બૌદ્ધિક કે અન્ય મર્યાદાઓ એની જન્મજાત મર્યાદા નથી પરંતુ સમાજમાં તેનું નિમ્નસ્થાન છે તેનું એ પરિણામ છે.”[૩]

ઓગણીસમી સદીના આરંભે પાશ્ચાત્ય દેશોમાં આરંભાયેલા નારીવાદની ભારતમાં સ્થિતિ વિશે ભારતીય નારીવાદી સાહિત્યનાં સારા અભ્યાસી ન્યૂયોર્કની સ્ટેટ યુનિવર્સિટીના પ્રોફેસર જેરાલ્ડિન ફોબર્સ પોતાના લેખ “Gaged Tigers, First Wave Feminism in India”માં ભારતમાં થયેલ નારી જાગરણનો યશ જાણીતા સમાજ સુધારક પુરુષોને આપ્યો છે. ઉપર જણાવેલ લેખમાં તેમણે પુરાવાઓને આધારે સાબિત કર્યું છે કે નારીવાદના પ્રણેતા ગણાતા વર્જિનિયા વુલ્ફના લેખનકાળ દરમ્યાન ભારતમાં નારી જાગરણની ઘટના ઘટી ચૂકી હતી. આમ, ફોર્બ્સના મતે ભારતીય નારીવાદ પશ્ચિમના આંધળા અનુકરણનું ફળ ન હતો તેથી તદ્દન વિરુદ્ધ સત્ય તો એ હતું કે ભારતીય નારીવાદીઓને પશ્ચિમી નારીવાદી વિચાર સ્વીકાર્ય ન હતો. કેમકે આ ભારતીય સ્ત્રીઓને પશ્ચિમી નારીવાદનાં સ્વીકારમાં ગુલામીની ગંધ આવતી હતી. ભારતીય નારી જંગલમાં પુરુષ સાથે ખભેખભો મિલાવી, તેમનો સ્વીકાર કરી આ નારીવાદીઓ સ્ત્રીનાં દમનનાં અપયશનો ટોપલો રૂઢિ રીત–રિવાજ તથા સામાજિકરણ પર નાખી દઈ એ અલાયદા નારીવાદને ઓપ આપી રહી હતી.

જીવનનાં દરેક ક્ષેત્રે વિશ્વ પ્રગતિ કરી રહ્યું છે. ત્યારે નારીનું સ્થાન સમાજમાં શું ? કયાં ને કેવું છે ? એના અધિકારો પરત્વે વિશ્વ સમાજ સજાગ, સભાન છે ખરાં ?

આપણા ભારતીય સમાજની જ વાત કરીએ તો નારીનું સ્થાન પહેલા આવું તિરસ્કૃત ન હતું. એક જમાનામાં સ્ત્રીઓની સ્થિતિ સામાન્ય, સંતોષકારક હતી. વૈદિક કાળમાં કોઈપણ લિંગભેદ વિના ભારતમાં સ્ત્રી–પુરુષો સમાન ભાવે વૈદિક શિક્ષણ મેળવી શકતાં હતાં. ઋગ્વેદમાં કેટલાક સૂક્તો સ્ત્રીઓએ રચ્યાં હોવાનાં પ્રમાણ મળી આવે છે. વિશ્વવાર!

સિક્તા નિવાવરી, ઘોષા, અપાલા, લોપામુદ્રા જેવી સ્ત્રીઓએ એ સૂક્તો રચવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે.

ઉપનિષદ કાળમાં વેદવિજ્ઞાનના શિક્ષણને પરિણામે દર્શન, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ શિક્ષણમાં લોકપ્રિય બન્યો. ઋષિ યાજ્ઞવલ્કની પત્ની મૈત્રેયીએ તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરી પ્રશ્ન પૂછ્યો "યે નાહુના મૃતાસ્યામ કિ તેના હું કૃપમિતિ" એ જ ઋષિના બીજા પત્ની ગાર્ગીએ પણ તત્ત્વજ્ઞાનના સૂક્ષ્મ પ્રશ્નોની છણાવટ જનક રાજાના યજ્ઞસત્રમાં કરી હતી. ઉત્તર રામચરિત્રની આત્રેયી પણ વાલ્મીકિ અને અગત્સ્યની નિશ્રામાં વેદાંતનો અભ્યાસ કરતી હતી તો સુભામા અને વડવા જેવી સ્ત્રીઓએ નવી કેડી કંડારી હતી.

વૈદિક અને મહાભારત પછી પૌરાણિક અને ધર્મશાસ્ત્રોના સમયગાળા દરમ્યાન તો સ્ત્રીની હાલત એકદમ કથળી, મનુ, નારદ અને યાજ્ઞવલ્કય એ તેમના સ્મૃતિગ્રંથોમાં સ્ત્રી માટે આકરા નિયમો બનાવ્યા. વૈદિકકાળ દરમ્યાન સ્ત્રીનું સ્થાન પુરુષની સાથે કેન્દ્રમાં હતું ને હાંસિયા તરફ ખસી ગયું. મનુસ્મૃતિના રચયિતા મનુ પુરુષપ્રધાન સમાજના કટ્ટર હિમાયતી હતા. તેમણે મનુસ્મૃતિમાં સ્પષ્ટ કહ્યું છે, "ન સ્ત્રી સ્વાતંત્ર્ય અર્હિતિ" "સ્ત્રી લગ્ન પહેલાં પિતાને, લગ્નપશ્ચાત પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્રને આધીન છે. મનુ તો ત્યાં સુધી કહે છે જો સ્ત્રીનો પતિ નિર્ગુણી હોય કે પરસ્ત્રીગમન કરનારો હોય તો પણ સ્ત્રીએ તેના પતિને પરમેશ્વરની જેમ પૂજવો."[૪] આજ વાત શાસ્ત્રી મહારાજ પણ શિક્ષાપત્રીમાં કહે છે.

આ સમયગાળા દરમ્યાન સ્ત્રીઓને વૈદિક શિક્ષણમાંથી અને મિલ્કતના અધિકારોથી પણ દૂર રાખવામાં આવી. બાળવિવાહ, સતીપ્રથા અને વિધવા વિવાહ પર પ્રતિબંધ પણ આ ગાળામાં પ્રચલિત બન્યા. અત્રિ અને મરિચિ જેવા ઋષિઓએ બાળ વિવાહને પ્રોત્સાહન આપ્યું. તો મરિચિ સ્ત્રી માટેનો ધર્મ આવો ગણે છે. "માતા–પિતા અથવા તો મોટાભાઈ સ્ત્રીને રજસ્વલા ધર્મમાં આવેલી જુએ તો તે નરકમાં જાય."[૫] આવાં ધાર્મિક નિયમોના કારણે માતા–પિતા પોતાની પુત્રીના લગ્ન કિશોરવયમાં જ કરી દેતા અંગીરસ જેવા ઋષિઓએ

સતીપ્રથાને ઉત્તેજન આપ્યું. સ્ત્રી પોતાના પતિ પાછળ સતી થાય તો જ પવિત્ર ગણાતી. અંગીરસ લખે છે, "સતી પોતાના પતિને નરકમાંથી મુક્તિ અપાવે છે અને પોતાના પતિની સાથે સાડા ત્રણ કરોડ વર્ષ સુધી સ્વર્ગનું સુખ ભોગવે છે."[૬]

ભારતમાં આઠમી સદીથી છેક ૧૯૪૭ સુધી સ્ત્રીઓ માટે જાણે કે અંધારયુગ આવ્યો. અનેક રાજકીય ગુલામીથી તેમજ તેની ધાર્મિક અસહિષ્ણુતાને કારણે હિન્દુ સમાજ હતાશાની મનોદશામાં રુંધાતો ગયો અને પલાયનવૃત્તિ તરફ ઢળ્યો. ધાર્મિક બ્રાહ્માચાર, જડવિધિ, વિધાનો તેમજ અંધશ્રદ્ધા, વહેમ, સામાજિક કુરિવાજો અનિષ્ટોનું આલંબન સ્વભાવિક બનતું ગયું. જેમાં સ્ત્રીનું સ્થાન અત્યંત ધ્યાનાકર્ષક બન્યું. કજોડા, બાળલગ્ન, બાળકીને દુધપીતી કરવી, વિધવા પુનર્લગ્નનિષેધ, વિધવાઓની અમંગળ, અભિશાપિત સ્થિતિ સતીપ્રથા, પડદાપ્રથા... વગેરે કુરિવાજોને કારણે સ્ત્રીઓ શિક્ષણથી વંચિત રહી ગઈ. નિરક્ષરતા અને અંધશ્રદ્ધાના અતિરેકને કારણે પુરુષોનું આધિપત્ય વધતું ગયું વળી સ્ત્રીને 'અપવિત્ર' કહી મહત્ત્વનાં સામાજિક પ્રસંગોથી દૂર રાખી માનહાનિની સ્થિતિ સર્જી.

આવા કેટલાય કુરિવાજોમાંથી ભારતનાં નવજાગરણ સમયે રાજારામ મોહનરાય જ્યોતિબા ફૂલે અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા મહાપુરુષોએ સ્ત્રી મુક્તિના દ્વાર ખોલ્યા. પાશ્ચાત્ય શિક્ષણ અને ગાંધી વિચારધારાની અસરને કારણે સ્ત્રીને સાચા અર્થમાં સહધર્મચારિણી ગણવાનો અનુરોધ કર્યો. આપણા સ્વાતંત્ર્ય સંગ્રામે પણ સ્ત્રીઓમાં જાગૃતિ કેળવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. તો સામે છેડે સ્ત્રીઓએ પણ પોતાની શક્તિનો પરિચય જગતને અને પોતાને એ સમયે કરાવ્યો હતો. માટે તો ગાંધીજીએ કહ્યું છે કે, "જગતમાં કેવળ સ્ત્રી સંગઠન થાય તો આ એટમબોમ્બને એક દડાની માફક ફેંકી દઈ શકે એવી બહાદુરીભરી અહિંસા તેઓ દાખવી શકવાની શક્તિ ધરાવે છે. પ્રભુ એ જ એ બક્ષિસ સ્ત્રીઓને આપી છે."[૭] પૃથ્વી પર માનવ સર્જનની વાત વિચારી બ્રહ્માજીએ સત્ અને રૂપાનાં સ્વરૂપે સ્ત્રી અને પુરુષને જન્મ આપ્યો. સ્ત્રી અને પુરુષની સંકલ્પના ઈશ્વરના મનમાં હતી.

તેથી સ્ત્રીએ વિશેષ ભૂમિકા નિભાવી તે નરી વાસ્તવિકતા છે. સ્ત્રી અને પુરુષ એ સંસારરૂપી રથનાં બે પૈડા છે. સામાન્ય સંજોગોમાં આ રથ એક પૈડાથી ન ચાલી શકે. સ્ત્રી અને પુરુષ એ એકબીજા વિના અધૂરા છે, એકબીજાના પૂરક પણ છે.

સ્ત્રીઓની આંતરચેતના આત્મશક્તિને જાગૃત કરીને જ એને સમાજમાં પુનઃ ગૌરવાન્વિત કરી શકાશે. આ આંતરચેતના સમાજમાં સ્ત્રીપુરુષનાં ભેદ મિટાવીને સમાજને સમત્વ તરફ લઈ જવાનું કાર્ય કરી શકશે. સ્ત્રીઓમાં આ આંતરચેતનાને જગાડવાનું કાર્ય ગાંધીજીએ કર્યું. સ્ત્રીઓમાં રહેલી સુષુપ્ત અસીમિત શક્તિઓને જગાડવાનું અને આ શક્તિઓનો સ્ત્રીઓ પોતે સાક્ષાત્કાર કરી શકે તે માટે ગાંધીજીએ બહુ જ પુરુષાર્થ કર્યો કારણ કે, ગાંધીજી સ્ત્રીઓની અમાપ શક્તિઓથી પરિચિત હતા. એમનાં ગુણોની બાબતમાં ગાંધીજીએ કહ્યું હતું કે,

"સ્ત્રીઓ અહિંસા, ધૈર્ય, સહનશીલતા અને ધર્મની સાક્ષાત્ મૂર્તિ છે."[૮]

એમણે સ્ત્રીઓનાં આ ગુણોથી પ્રભાવિત થઈને એમને અહિંસક લડાઈમાં સામેલ કરી તેઓ માનતા હતા કે હિંસક યુદ્ધમાં પુરુષો દ્વારા પાશવિક બળ બતાવવામાં આવે છે. પરંતુ અહિંસક યુદ્ધમાં કષ્ટસહન કરીને વિરોધીઓનું હૃદય પરિવર્તન કરવાની અમોઘશક્તિ પુરુષો કરતા સ્ત્રીઓમાં વિશેષ રહેલી છે. ગાંધીજીએ તેમની આત્મકથામાં લખ્યું છે. "અહિંસાત્મકનીતિથી અસહયોગ અને બહિષ્કારના હથિયારનો ઉપયોગ કરવાનું હું બા પાસેથી શીખ્યો છું."[૯] સ્ત્રીનાં સ્વતંત્ર વ્યક્તિ તરીકેનાં સ્વીકારની વાત ગુજરાતના અગ્રણી સામાજિક અને રાજકીય કાર્યકર પુષ્પાબહેન મહેતાના શબ્દોમાં "સ્ત્રી એ વ્યક્તિ છે, તે કોઈ દયાનું પાત્ર નથી. વ્યક્તિ તરીકે સ્વતંત્ર રીતે વિચારવાનો, રહેવાનો અને જીવવાનો તેને અધિકાર છે. તેના વ્યક્તિત્વને કચડવાનો કે દબાવવાનો કોઈને હક્ક નથી તે પણ ભારતીય એક સ્વતંત્ર નાગરિક છે."[૧૦] આ કોઈ આજકાલની નારીવાદી મહિલાના શબ્દો નથી પરંતુ આજથી આઠ વર્ષ પહેલા જ્યારે ભારતના રૂઢિવાદી પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું કોઈ જ

સ્થાન નહોતું ત્યારે ગુજરાતનાં જાણીતા સામાજિક કાર્યકર પુષ્પાબહેન મહેતાએ ઉચ્ચારેલા આ શબ્દો છે.

આમ છતાં આપણે બધા જ જાણીએ છીએ કે સ્ત્રીને દેવી તરીકે સ્થાપવા છતાં આદર્શમૂર્તિ બનાવવા છતાં સમાજમાં અને સાહિત્યમાં તે હંમેશા Second Sex જ રહી. સદીઓથી સામાજિક, આર્થિક, રાજકીય ગુલામીએ સ્ત્રીની માનસિક હાલત જ એવી ઘડી કે તે પોતે જ પોતાને પુરુષથી ઉતરતી માનતી થઈ ગઈ. ''સ્ત્રી દુર્બળ જન્મી નો'તી પરંતુ પુરુષપ્રધાન સમાજે એના માટે ઘડી રાખેલા આદર્શો રૂઢિઓએ એને દુર્બળ બનાવી દીધી.''[૧૧] એની આસપાસ આદર્શોની એવી જાળ રચવામાં આવી એવું સાંસ્કૃતિક માળખું ઊભું કરવામાં આવ્યું કે સ્ત્રી રાજીખુશીથી એ જાળમાં ફસાતી ગઈ. તેના માટે લાગણીશીલ, સેવાભાવી, ત્યાગમૂર્તિની એવાં તો બીબા તૈયાર કરવામાં આવ્યાં કે સ્ત્રી પોતાની મરજીથી એ બીબામાં ઢળતી ગઈ. સીતા, સાવિત્રી અને શકુંતલાના આદર્શો ઊભા કરી આપનારા પુરુષ માટે કોઈ આદર્શની જરૂર ન પડી.

અગ્નિપરીક્ષા લીધા પછી પણ સીતાનો ત્યાગ કરનાર રામને આપણે મર્યાદા પુરુષોત્તમ કહીએ છીએ. પુરુષ હંમેશા સ્ત્રીના સ્નેહની સામે સામાજિક પ્રતિષ્ઠાને મહત્ત્વ આપતો આવ્યો છે. એ રામ હોય કે પછી ઈબ્સનનો હોમર હોય પ્રતિષ્ઠા માટે હોમર નોરાને કાઢી મૂકવા તૈયાર થાય છે. પ્રતિષ્ઠા જોખમમાં નથી એવી ખબર પડતા તે નોરાને રોકે છે. નોરાને તેની ફરજો યાદ દેવડાવે છે.

સ્ત્રીનું પોતાનું વ્યક્તિત્વ પણ હોઈ શકે. એની પોતીકિ ઈચ્છાઓ, નિર્ણયશક્તિ પણ હોઈ શકે. એ વાતને હંમેશા વિસારે જ પાડવામાં આવતી કે સ્ત્રીઓએ હંમેશા કાંતો માફ કરવાનું અથવા ત્યાગ કરવાનો બદલામાં એને આદર્શમૂર્તિ, ત્યાગમૂર્તિ જેવી ખોખલા બિરુદો આપવામાં આવ્યાં. બાળક માતાના નામે ઓળખાઈ ન શકે જેના થકી જીવનનું સાતત્ય ટકી

રહ્યું છે. કયારેક જાણે એનામાં આત્મા હોય જ નહીં, નર્યા હાડ ચામનો દેહ જ હોય એમ વર્તે છે.

આજે પણ સંસ્કૃતિના નવા વળાંક પર આવીને ઊભી રહેલી પવિત્રતાની આ મૂર્તિ માત્ર જાતીયતાનો પર્યાય બની રહી છે. પ્રદર્શન માટેની એક ચીજ બની ગઈ છે. આ નવા વળાંક પર આવીને ઊભી રહેલી સ્ત્રીને માત્ર દેહ જ છે. આત્મા છે જ નહિ જાણે કે કયારેક માત્ર આત્મા તો કયારેક નર્યા શરીરથી ઓળખાતી આવેલી સ્ત્રીને આ સમાજે એની આગવી ઓળખ આપી જ નથી. એ હંમેશા પુરુષના સંદર્ભે જ ઓળખાતી રહી... જીવનમાં અને પરિણામે સાહિત્યમાં પણ.

સ્ત્રીઓનાં શોષણની સમસ્યા આપણા દેશમાં સમૃદ્ધિ સાથે નહીં પણ અભાવ સાથે સંકળાયેલી છે. શિક્ષણનું નહીંવત્ પ્રમાણ અને વિકાસની તકોના અભાવને કારણે અહીંના પ્રશ્નો વધુ જટિલ છે. અહીં નારીવાદ વિદગ્ધ સ્ત્રીઓની બૌદ્ધિક ચર્ચાનો વિષય ન રહે તો ચાલે એને પહોંચવાનું છે, દૂરના ગામડાઓમાં અથવા શહેરોની ઝૂંપડપટ્ટીઓમાં એનું સ્થાન છે. ચોથા વર્ગના કર્મચારીઓની ચાલીઓ કે પછી રેડલાઈટ એરિયા જયાં જયાં સ્ત્રીઓની ચેતના બધીર થઈ ચૂકી છે અથવા તો જ્યાં સ્ત્રીઓ સ્વયંને હળવાશથી હસી કાઢે છે. ત્યાં નારીવાદે પહોંચવાનું છે. આ સામાજિક સંદર્ભની ભૂમિકા વિના આપણે નારીવાદ વિષે વિચારી ન શકીએ. ‘‘આદર્શોના ઓડકાર ખાતા આપણા સમાજે કોઈ એક કાળે પ્રત્યેક સ્ત્રી માટે આદર્શ ખોખું તૈયાર કરી આપ્યું હતું પછી સ્ત્રીનું કામ સરળ હતું. જાતને આમથી તેમથી વ્હેરી કરી ખાંચાખૂચી સાફ કરી ખોખાને બંધ બેસતા થઈ જવાનું.’’[૧૨] આટલું જ કરવામાં માત્ર એને આદર્શમૂર્તિ, ત્યાગમૂર્તિ નારાયણી કે કલ્યાણીની ભવ્યતા પ્રાપ્ત થઈ જતી હતી. આ ગૌરવપૂર્ણ પ્રતિભા જાળવવા માટે, સ્ત્રીઓ પોતે પણ કંઈ ઓછી સભાન નહોતી અને કદાચ આજે પણ કંઈક અંશે છે જ. પોતાની સાથે જે વર્તાવ થાય છે, એથી અનેકગણા સારા વર્તાવની એ હક્કદાર છે, એવી ‘સમજ તો એને પાછળથી પડી. એ સમજ જયારે જાગી ત્યારે

નારીવાદનો આરંભ થયો. એમને દેખાવા લાગ્યું કે કેવળ લૈંગિકભેદને કારણે જ એક સમુદાય બીજા સમુદાય પર જોહુકમી ચલાવે છે અને એટલા તફાવતને લીધે એક સમુદાય સતત હીણપતનો અને ગુલામીનો ભાવ અનુભવ્યા કરે છે. સામાજિક માળખામાં રહેલી આવી ચડતી–ઉતરતી ભાંજણીની નાબૂદી માટે સંઘર્ષ અનિવાર્ય બન્યો અને સ્ત્રીઓએ સ્વયંભૂ આ આંદોલનમાં ઝંપલાવ્યું.

આ પ્રકારનાં આંદોલનોને વિચારશીલ પુરુષોનું સમર્થન મળ્યું. સ્વાભાવિક હતું એ સાચું પણ પુરુષોની નિસબત જરા જુદા પ્રકારની કહેવાય. એનો ઉલ્લેખ કરવો ઘટે. 'જેન્ડર પોલિટિકસ' નામના પુસ્તકમાં એવલ કલેઈન આ મુદે સ્પષ્ટ કરતા લખે છે કે આવા પુરુષોની નિસબત ગોરાઓની હબસીઓ માટેની નિસબત જેવી ગણી શકાય. ન્યાય અને અધિકારની વાજબી લડત માટે હબસીઓનું સમર્થન કરવું એ ગોરાઓ માટે આવશ્યક છે. પરંતુ સીધા સંઘર્ષમાં ઉતરવાનું અને એ માટે જે કાંઈ જવાબદારી કે મુશ્કેલીઓ વેઠવાની આવે તે તો હબસીઓએ જ ઉપાડવાની એટલે પેલી નિસબત એક પ્રકારની વૈચારિક સમાનતા બનીને અટકી જાય. એટલે સ્ત્રીઓના પ્રશ્ન સાથે પૂરેપૂરું તાદાત્મ્ય અનુભવી શકે માત્ર સ્ત્રીઓ જ.

પરિવર્તનની સાથે જે–જે પીડા સંકળાયેલી છે. એને વેઠવાની અને ભોગવવાની સ્ત્રીની નિયતિ છે. દર મહિને શરીરમાં થતા વિચિત્ર ફેરફારો, મધ્યવયે અનુભવાતી ઉથલપાથલ બાળકને ગર્ભમાં રાખવાની અને જન્મ આપવાની પ્રક્રિયા એ બધા શરીરની પરિવર્તન પીડાના વિવિધ સ્તરો છે. એની સાથે રોમાંચ કે માંગલ્ય સ્વપ્ના કે ઝંખના જે જોડવું હોય તે જોડી શકાય પણ કોઈક ક્ષણે એ ન કરી પીડા બીજાને જ રહી જાય છે. વેદનામાં પરિતૃપ્ત એવી સ્ત્રીને આ સાથે મનુષ્ય સર્જિત ભેદભાવ, અન્યાય, શોષણ અને અત્યાચારની પીડા વેઠવાનું આવે ત્યારે એનું પરિણામ ઉગ્ર, આક્રમક નારીવાદ હોઈ શકે. એક વૈચારિક ક્રાંતિરૂપે કે સંગઠિત આંદોલનરૂપે જે ફેલાયો તે નારીવાદ. ''આ નારીવાદને અભિપ્રેત છે

સ્ત્રીના શરીર, મન અને બુદ્ધિનું ગૌરવ, સ્ત્રીનો પોતાની જાત પરત્વે આ બધા સંદર્ભનો અબાધિક અધિકાર."[૧૩]

સાતમાં દાયકા પછી વિશ્વમાં આત્મસન્માન નવી સ્ત્રીનો જન્મ થયો છે. એને પોતાના સ્વતંત્ર અસ્તિત્વનું ભાન થાય છે એને થતાં અન્યાય સામે આક્રોશભર્યો અવાજ એ ઉઠાવે છે. સ્ત્રી કે પુરુષ કોઈએ કોઈનાં પરસતાં ચલાવવાની નથી એવી જાગૃતિ પણ તેનામાં આવે છે. આ જાગૃતિ નારીવાદી ઝુંબેશમાં પરિણમે છે. સ્ત્રી વ્યક્તિ છે તેને પોતાનાં આગવાં વિચાર, વલણ ગમા–અણગમા, ભાવ–પ્રતિભાવ હોઈ શકે છે. તે વાતનો સ્વીકાર નારીવાદનાં મૂળમાં છે.

તેમ છતાં નારીવાદે કોઈ એકલદોકલ સ્ત્રીની સમસ્યા નથી ઉકેલવાની કારણ ઘણીવાર સ્ત્રીને થતાં અન્યાય કે અપમાન બદલ એનું સ્ત્રી હોવું જવાબદાર ન પણ હોય... આવા અન્યાય કે અપમાનનો ભોગ પુરુષ પણ બનતો હોય... એટલે જ્યાં સ્ત્રી હોવાને કારણે જ સ્ત્રીનું શોષણ થતું હોય, જ્યાં એની સમસ્યા માટે એનું સ્ત્રીપણું જવાબદાર હોય, અથવા તો જ્યાં એને પોતાને જ સમસ્યા માનવામાં આવતી હોય ત્યાં નારીવાદે લડત આપવાની છે. એટલે કે અન્યાય, શોષણ, અસમાનતા સામેની આ લડાઈ છે. માટે જે કોઈને પણ સામાજિક ન્યાય, સમાનતાની પડી હોય એ બધાંને નારીવાદી કહી શકાય. સ્ત્રીના શોષણ સામે અવાજ ઊઠાવતા પુરુષને પણ નારીવાદી કહી શકાય. આમ સ્ત્રી કે પુરુષ કોઈપણ નારીવાદી હોઈ શકે એ સ્વીકાર્યા પછી પણ અમુક પ્રશ્નો મનમાં ઊઠે છે. જેમકે, જ્યારે મોટાભાગનું સાહિત્ય પુરુષો દ્વારા જ રચાતું અને વિવેચાતું ત્યારે સ્ત્રીઓ માટે એવું કહેવાનું કે સ્ત્રીઓને માત્ર અમુક જ સાહિત્યકાર અગંભીર ફાવે.

નારીવાદી આંદોલનના દરેક તબક્કે નારીજીવન, નારીસંવેદન, તેના મનની અલગ–અલગ ખાસિયતો, પરિસ્થિતિઓ વિશે હંમેશા ચર્ચા થયા કરી છે તે મુજબ સ્ત્રીઓનું સંવેદન જગત પુરુષ કરતાં અલગ હોય છે. સ્ત્રી Instionct જ્યારે પુરુષ Logicથી કામ લે છે.

સ્ત્રીનું અનુભવ વિશ્વ પુરુષ કરતા જુદું જ હોવાનું એટલે કે અમુક વિષયને માત્ર સ્ત્રી જ સમજી શકે. ન્યાય આપી શકે અથવા તો પુરુષોના હાથે સ્ત્રી વિશે લખાયેલાં સાહિત્યને ન્યાય નથી મળ્યો. પુરુષો દ્વારા થતાં વિવેચનમાં સ્ત્રી શું અનુભવે છે. એની વાત ઓછી કરે છે પરંતુ સ્ત્રી કેવી છે, કેવી હોવી જોઈએ એની વાત વધું છે માટે જ છેલ્લા કેટલા દાયકાથી નારીવાદીઓએ અલગ સૌંદર્યશાસ્ત્ર, વિવેચનશાસ્ત્ર અને આગવી ભાષાની વાતો કરવા માંડી છે. સાહિત્યમાં મૂલ્યાંકન માટેના ધોરણો પુરુષસર્જિત છે એટલે એનો પરિત્યાગ કરી આગવા ધોરણો ઊભા કરવાની વાત Guoncriticismના નામે થાય છે. પુરુષસર્જિત ભાષા પ્રયોજવાને બદલે અભિવ્યક્તિનું આગવું માધ્યમ વિકસાવવા પર ભાર મૂકાઈ રહ્યો છે.

કૉલરિજે તો સર્જનાત્મક કલ્પનાશક્તિ ઊભયલિંગી કહી છે. પરંતુ વર્જિનિયા વુલ્ફની દષ્ટિએ પુરુષ જેવી જ સર્જનશક્તિ કલ્પના તર્કબુદ્ધિ હોવા ઉપરાંત સ્ત્રીની સંવેદનશક્તિ, નિરીક્ષણશક્તિ, આકલનશક્તિ પુરુષ કરતા ચડિયાતી હોય છે. એટલે સ્ત્રી અમુક થીમને વધુ સારો ન્યાય આપી શકે. જો કે આ બધી વાતો સૈદ્ધાન્તિક સ્તરે કદાચ સાચી લાગે પણ સ્ત્રીના અનુભવ, સંવેદના, ભાષા, શૈલી, સર્જનાત્મક સ્તરે કઈ રીતે પુરુષથી અલગ પડે છે. એ બાબતે વ્યવસ્થિત અભ્યાસ હજુ સુધી થયો નથી. આ વાતો તો થઈ નારીવાદી કોને કોને કહી શકાય તેની. પરંતુ નારીવાદી કૃતિ કોને કહેવી તે પણ વિચારણીય બાબત છે. વાર્તાનું કેન્દ્ર સ્ત્રી હોય અથવા વાર્તાના કેન્દ્રમાં તેની વ્યથા–કથા હોય કે વાર્તા સ્ત્રી દ્વારા લખાઈ હોય કે પછી વાર્તાકાર સ્ત્રી કે પુરુષ કોઈપણ હોય પરંતુ વાર્તાના કેન્દ્રમાં સ્ત્રીની સમસ્યા હોય, સ્ત્રી હોવાને કારણે તેનું શોષણ થતું હોય કે સ્ત્રીને પોતાને જ સમસ્યા માનવામાં આવતી હોય, આવું તો કંઈ કેટલુંય નારીવાદી કૃતિની તારવણી માટે કહેવાયું છે, લખાયું છે.

આમ છતાં ખરી રીતે વિચારતા તો લાગે છે કે સ્ત્રી કે પુરુષ કોઈનાં પણ હાથે લખાયેલી કૃતિમાં જો નારીનાં આંતરિક વિશ્વમાં ડોકિયું થયું હોય એના સંવેદન જગતને સ્પર્શી શકાયું હોય. સ્ત્રી હોવાને કારણે જ તેના ભાગે સહન કરવાનું આવ્યું હોય, તો એવી

કૃતિને આપણે નારીવાદી કૃતિ કહી શકીએ કે જેના મૂળમાં નારીની જ સમસ્યાઓ સર્જાયેલી હોય.

જો કે સાહિત્યમાં આ નવી નારીની છબી ઝીલાવા માંડી તેની પાછળ શિક્ષણનાં ફેલાવાનો પણ મોટોભાગ છે. સ્ત્રી તેને થયેલા અન્યાયો અને વેદનાને શબ્દ કે કલાના કોઈપણ માધ્યમો થકી અભિવ્યક્તિ આપતી થઈ આના ફલસ્વરૂપે 'નારીભક્ત' સાહિત્યનો વિકાસ થયો પરંતુ ભારતીય ભાષામાં વિવેચકોનો તેના માટે એવો મત છે કે, ''પ્રતિબદ્ધ સાહિત્ય માત્ર પત્રકારત્વ કક્ષાનું સાહિત્ય બને છે. તેમનો મુખ્ય સૂર ફરિયાદનો જ હોય છે. આ પ્રકારનું સાહિત્ય કલાના ઉચ્ચ શિખરો સર કરી શકતું નથી.''[૧૪] આ બધા ઊહાપોહ સાથે આપણે જો સમકાલીન વિશ્વ સાહિત્ય તરફ દષ્ટિપાત કરીએ તો જણાશે કે આ સદીનું શ્રેષ્ઠ સાહિત્ય છેવાડાના લોકો દ્વારા જ સર્જાયું છે. પછી તે દલિત હોય, અશ્વેત હોય કે સ્ત્રી હોય માયા એન્જેલો, ટોની મોરીસન અને ઍલિસવોકર જેવી નારી લેખકોએ વીસમી સદીના સાહિત્યની કાયાપલટ કરી છે. તેમણે પોતાની અભિવ્યક્તિ દ્વારા વીસમી સદીના સાહિત્યને નવો ઘાટ આપ્યો છે તેથી જ વીસમી સદી પ્રતિબદ્ધ સાહિત્યની સદી છે તેમ કહેવાય છે. ''ન મનુષ્યાયત શ્રેષ્ઠતર હિ કિશ્ચિત'' મનુષ્યથી વધારે શ્રેષ્ઠ કશું નથી. મહિલાઓ પણ મનુષ્ય છે એવું કેટલાક પુરુષો ભલે ન સમજે પણ પ્રત્યેક મહિલાને તો એની પાકી ખાતરી હોવી જોઈએ, એ ખાતરી પોતાને હોય તો અન્યને એવી ખાતરી એ કરાવી શકે ને તો પછી એ રમકડું છે, ભોગનું સાધન છે, મિલકત છે અથવા બીજા નંબરની વ્યક્તિ છે, એવું માનવાની કોઈ હિંમત નહીં કરી શકે.''[૧૫]

સાહિત્ય એ એવી કલા છે. જેમાં જીવનમાં અનેક ક્ષેત્રો અને સંદર્ભોનો સમાવેશ થાય છે. અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને સમગ્ર માનવજીવન એમાંય સૌથી નિકટનો નાતો સમાજ સાથે છે કારણ કે એ મનુષ્યના જીવન સાથે વણાયેલી છે. ને મનુષ્યનું જીવન સમાજ સાથે કોઈને કોઈ રીતે ગૂંથાયેલું જ હોય છે.

સાહિત્ય એ અંતે તો સમાજનું દર્પણ છે, એ કોઈ આકાશમાંથી ટપકતું નથી. એને જીવનના સૂક્ષ્મ તાણાંવાણાં સાથે સંબંધ છે. સાહિત્ય એ એક કલાસ્વરૂપ છે.એ સાચું પરંતુ સૌંદર્ય સાથે પણ એનો સંદર્ભ વણાયેલો છે. તેમ છતાં કોઈ કલા સત્યનો દ્રોહ કદી ન કરી શકે. સર્જક કેવળ કલ્પનાનાં વિલાસમાં રાચે તો એમ ચાલે. Human appeal must not die. ને જ્યારે સમાજની વાત કરીએ છીએ ત્યારે સમાજમાં કેવળ ગુલાબો પથરાયેલા હોતાં નથી કંટકો પણ એમાં છે જ, સમાજમાં બધુ સુંદર સુંદરને રૂપાળું નથી. આંખ, કાન, કે નાક બંધ કરવાથી સમાજની દુર્ગંધ કે એમાંના કંટકો અદશ્ય બનતા નથી તે ત્યારે પ્રત્યેક સર્જક સમાજની છબી સાહિત્યમાં ઉપસાવવી રહી, સત્ય તથા યર્થાથતાને ભલે સૌંદર્યના સ્વાંગમાં પણ નિરૂપવું જ રહ્યું.

સ્ત્રીઓને સ્પર્શતા બળાત્કાર દહેજના પ્રશ્ને થતા જુલ્મને પરિણામે સ્ત્રીની આત્મહત્યા કે એનેએ તરફ દોરી જનારાં પરિબળો વેશ્યાવૃત્તિ કે બળજબરીથી સ્ત્રી પર થોપી દેવાતા લગ્નો, ઠેર–ઠેર થતું સ્ત્રીઓનું જાતીયશોષણ જેવા અનેક પ્રશ્નો રાક્ષસી મોં ખોલીને ઊભા છે ત્યારે આ બધાને વાચા આપવાની સ્વતંત્રતા લેખિકાને મળી છે ખરી? સ્વતંત્રતા એટલે ? બેફામ કે સ્વરછેદ બનવાની વાત નથી સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચે બહુ પાતળી ભેદરેખા છે. એ ઓળંગી ના જવાય એનું તો પ્રત્યેક લેખિકાએ ધ્યાન રાખવું પડશે.

લેખિકા અન્ય સ્ત્રીઓ જેવી જ હોવા છતાં કંઈક જુદી છે. અન્ય સ્ત્રીઓ પોતાની વેદના, લાગણી, મનોરથો ઈચ્છા વગેરેને વાચા આપી શકતી નથી. ત્યારે લેખિકા એ સમાજની આવી અનેક પીડિત, શોષિત સ્ત્રીઓની વેદનાને, અન્યાય તથા અત્યાચારોને યુગોથી નારીનાં હૃદયનાં કોઈક ખૂણે ધરબાઈ ગયેલાં અનેક અરમાનો અને સત્યોને એણે શબ્દબદ્ધ કરવાના છે. લેખિકાની સ્વતંત્રતા એટલે 'સત્યપ્રકટન'નો અધિકાર સ્ત્રી તરીકે સ્ત્રીને પણ અનેકવિધ સારા માઠા અનુભવોને વ્યક્ત કરવાની સ્વતંત્રતા છે અને આ બધુ સ્ત્રી જ સારી રીતે વ્યક્ત કરી શકે. સ્ત્રી લેખિકાઓના દરજ્જા કે સ્થાનની વાત વિચારીએ

ત્યારે સત્ય પ્રકટ કરનાર લેખિકાઓએ ચૂકવવી પડેલી કિંમત ધ્રુજાવી દે તેવી છે. આવી લેખિકાઓ પર સમાજના કહેવાતા ભદ્રલોકો તરફથી પસ્તાળ પડી છે. માછલાં ધોવાયા છે પણ લેખિકાઓએ આ કશાની પરવા કર્યા વિના પોતે જે જોયું પોતાને જે યોગ્ય લાગ્યું એ અભિવ્યક્ત કર્યું છે.

સાહિત્ય એ કેવળ શણગારેલા શબ્દોના સાથિયા નથી. લેખિકાએ સત્ય બોલવાનું જ નથી. લખવાનું પણ છે. એને અક્ષરરૂપ આપવાનું છે. અક્ષર એટલે શાશ્વત જેનો કદી નાશ ન થઈ શકે એવું તે સત્યને જ્યારે શાશ્વતનું રૂપ આપવાનું થાય ત્યારે લેખિકાની જવાબદારી અનેકગણી વધી જાય છે. એણે સમાજનું યથાર્થ પ્રતિબિંબ એના સર્જનમાં ઝીલવાનું છે. અન્યનાં મહોરાં કે વાઘાં પહેરીને સમાજમાં મહાલતાં અસત્યો તથા દંભને એણે ખુલ્લાં પાડવાનાં, અંતે સ્ત્રીલેખિકા હોય કે પુરુષ લેખક જેને માત્ર સ્ત્રીની જ વાત કહેવાની હોય તેને વિરોધ કરવા ખાતર વિરોધ નથી કરવાનો. સમાજનાં ગાંડા હાથીઓના પગતળે છૂંદાતી કોમળ પાંદડીઓને પોતાના સર્જન દ્વારા છૂંદાતી અટકાવવાની છે.

સ્ત્રીઓ એટલે સાવ કમનસીબ જીવ એક તો બેસુમાર ખરચા વેઠીને આપણે આપણા માટે એક સર્વગુણ સંપન્ન સ્વામી ખરીદવાનો પછી જાત એને સોંપી દેવાની. કારણ ? નહીં પરણવું એ તો વળી પરણવા કરતા પણ બદતર મોટામાં મોટી મૂંઝવણ તે આ વર સારો મળે કે નઠારો પણ પરણવાની ના તો પડાય જ નહીં; સ્ત્રીને વળી એવો અધિકાર કયા? પરણ્યા એટલે નવા ઘરનાં  રીતરિવાજ, વાણીવર્તન, શીખવાના પતિ સાથે કામ પાડવાની કળા આપણે કેળવવાની એવું ન થયું તો પછી આપણી નાવ ભગવાન–ભરોસે આપણા શય્યા સાથીને સંભાળવામાં જાળવવામાં આપણે જેટલાં માહેર, તેટલો આ પતિ દેવોનો સાથ અને તો ઘરસંસારની ધૂસરી એ જરાતરા સંભાળે જો એવું થાય તો આપણું જીવન સ્વર્ગ જેવું, બીજાને ઈર્ષા થાય તેવું પણ જો એવું ન થાય તો જિંદગી મોતથીય બદતર પુરુષ ઘરની સ્ત્રીથી અંજાઈ જાય તો ઘરબારો જઈ શકે ! પણ આપણે તો પરમ પતિવ્રતા ! આપણે તો એક માટે

જ જીવવાનું ? વળી એ લોકો એ જ કહે કે : આપણે તો ઘરમાં નિરાંતજીવે ખાઈપી લહેર કરવાની ! જ્યારે એમણે તો યુદ્ધો લડવાનાં ! કેવા તો ભ્રમમાં રાચે છે આ પુરુષો !

ભારતમાં સ્ત્રીને 'શક્તિ' સ્વરૂપ માનવામાં આવી છે પણ વીસમી સદીઓનો ઈતિહાસ તો એમ બતાવે છે કે આપણા દેશમાં હજુ પણ સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં ઉતરતો છે. સ્ત્રીપુરુષ વચ્ચે રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ભેદભાવ પ્રવર્તે છે. બંધારણમાં તો સ્ત્રી–પુરુષ સમાનતાનો સ્વીકાર થયો છે. પણ વાસ્તવિક જીવનમાં સ્ત્રીને આવી સમાનતા પ્રાપ્ત થઈ નથી. હા પણ એ સમાનતા પ્રાપ્ત કરવા શું સમાજ કે શું સાહિત્યમાં અબળામાંથી 'સબળા' બનવા, 'શક્તિ' બનવા સ્ત્રીઓએ હવે પ્રયાણ આદરી દીધું છે અને સ્વાધીનતા, સ્વતંત્રતા અને સમાનતા પ્રાપ્ત કરવા તે કટિબદ્ધ થઈ છે. ભારતીય નારીની આ વિકાસયાત્રા સંદર્ભે વિવિધ ભાષાની પસંદ કરેલ ભારતીય નવલકથામાં સ્ત્રીની જુદી–જુદી પરિસ્થિતિ તપાસવાનો અહીં ઉપક્રમ છે.

# ❖ પાદટીપ ❖

૧. ‘નારીચેતના અભિયાન’, વર્જિનિયા વુલ્ફ, ડૉ. અરુણા બક્ષી, એપ્રિલ–૨૦૦૮, તાદર્થ્ય, પૃ.૧૧

૨. ‘સાત પગલા આકાશમાં વર્જિનિયા વુલ્ફની નજરે’, પૂજા તત્સત, શક્તિ, આવૃત્તિ–૨૦૦૩, પૃ.૭૪

૩. ‘નાગલા ઓછા પડ્યા’, ડૉ. ભાનુમતી શાહ, ‘શક્તિ’, આવૃત્તિ–૨૦૦૩, પૃ.૭૭

૪. ‘એન ઈન્ટ્રોડકસન ટુ વિમેન્સ સ્ટડીઝ’, પૃ.૮૩

૫. ‘ઈન્ડિયન વિમેન થ્રુ એજીસ’ – પી થોમસ, પૃ.૨૨૫

૬. એજન, પૃ.૨૩૧

૭. ‘ગાંધી વિચારમાં સ્ત્રી શક્તિનું સ્થાન’, ડૉ. પુષ્પા મોતિયાની, ‘શક્તિ’, આવૃત્તિ–૨૦૦૩, પૃ.૯૨

૮. ‘બિહાર પછી દિલ્હી’, મનુબહેન ગાંધી, પૃ.૨૩૭

૯. ‘એકલો જાને રે’, મનુબહેન ગાંધી, પૃ.૬૨

૧૦. ‘નારી પ્રતિભા’, બેલા ઠાકર, પૃ.૨૪૦

૧૧. ‘નારીવાદી દષ્ટિકોણથી’, ડૉ. શરીફા વીજળીવાળા, ‘પરબ’, ૧૯૯૦, પૃ.૧૧

૧૨. ‘આધુનિકતા અને નારીવાદ’, હિંમાશી શેલત, પૃ.૯૨

૧૩. ‘સાત પગલા કહેવાતી નારીવાદી....’, ઊર્વશી પંડ્યા, ‘શક્તિ’, આવૃત્તિ–૨૦૦૩, પૃ.૫૨

૧૪. ‘નારીચેતનાની નવલિકાઓ’, પ્રસ્તાવના, પૃ.૫

૧૫. ‘સામાજિક પરિવર્તનમાં મહિલાઓની ભૂમિકા’, યોગેન્દ્ર વ્યાસ, ‘શક્તિ’, આવૃત્તિ–૨૦૦૩, પૃ.૮૮